# ટ્રેક નં ૩૧ : ઉપયોગ વિષે

✻ ઉપયોગ એટલે શું? મને તો ખબર નથી. ચાલો પૂછીએ પૂ. બહેનશ્રીને.

✻ માંગલિક :

ભક્તિ : અંતર્મુખ સતત શુદ્ધાત્મ વસે, ઉપયોગ અંતર વસતો રહે,
ઉપયોગ ન બાહ્ય આવે અહો, નિર્ગ્રંથનો માર્ગ અહો અહો.

✻ પ્રશ્ન : વચનામૃતમાં આવે છે કે સૂક્ષ્મ ઉપયોગ કરી જ્ઞાયકને પકડો. ત્યાં 'સૂક્ષ્મ ઉપયોગ'. એમાં શો ગુઢાર્થ છે?

● ઉત્તર : ઉપયોગ સ્થૂળ બહાર વર્ત્યા કરે છે. પોતે સ્થૂળતાથી બહારના પદાર્થોને જાણવા પ્રયત્ન કરે કે વિકલ્પને પકડે તે બધુ સ્થૂળ છે. પણ અંતર આત્માને પકડવો તે સૂક્ષ્મ છે. આત્માનો જે જ્ઞાન સ્વભાવ- જ્ઞાયક સ્વભાવને પકડવો તે સૂક્ષ્મ ઉપયોગ થાય તો પકડાય છે કારણ કે તે પોતે અરૂપી છે. તે કાંઈ વર્ણ, ગંધ, સ્પર્શવાળો નથી. અરૂપી આત્મા પકડવો એને ઉપયોગ સૂક્ષ્મ કરે તો પકડાય છે. આ વિભાવભાવ છે. એનાથી પણ આત્મા તો સૂક્ષ્મ છે. જ્ઞાન સ્વભાવ—જ્ઞાયક સ્વભાવ—એ જ્ઞાનમાં આખો જ્ઞાયક સમાયેલો છે. એ જ્ઞાયકને પોતે સૂક્ષ્મ ઉપયોગ કરે તો પકડાય છે. સૂક્ષ્મતા વગર પકડાતું નથી. સ્થૂળથી અને રાગમિશ્રિત ઉપયોગ, રાગમિશ્રિત ભાવોથી પકડાતો નથી પણ એને તે છૂટો પડીને પકડે ઉપયોગ તો પકડાય છે. ૧.

✻ પ્રશ્ન : 'છૂટ્ટો પડીને' એટલે શું?

● ઉત્તર : 'છૂટો પડીને' એટલે અંતર પોતે જ્ઞાયકને ગ્રહણ કરીને આ વિકલ્પના ભાવોથી છૂટ્ટો પડે તો વાસ્તવિક પકડાય છે. પહેલા શરૂઆતમાં તો વિકલ્પ એની સાથે હોય છે. વિકલ્પથી છૂટ્ટો પડે તો તો તે અંતરમાં નિર્વિકલ્પતાથી વાસ્તવિક પકડાય છે. શરૂઆતમાં તો પ્રથમ ભૂમિકામાં તો વિકલ્પ સાથે હોય છે. વાસ્તવિક પકડાય તો વિકલ્પથી છૂટ્ટો પડે છે પણ પહેલા શરૂઆતમાં તો

વિકલ્પને ગૌણ કરી અને આત્માને અધિક રાખીને જો પકડે તો પકડાય છે. વિકલ્પથી તદ્દન છૂટ્ટો તો નિર્વિકલ્પ દશા થાય તો તે વિકલ્પથી છૂટ્ટો પડે છે. એ વિકલ્પને ગૌણ કરી અને આત્માને મુખ્ય કરીને પકડે તો પકડાય છે. ભેદજ્ઞાનની ધારા થાય તો એમાં વિકલ્પથી છૂટ્ટો પડે એટલે વિકલ્પ છે તે એને ખ્યાલ રહે છે. પણ પરિણતિને છૂટ્ટી પાડે છે. તે તો વાસ્તવિક છે બધું. શરૂઆતની ભૂમિકામાં તો વિકલ્પ સાથે હોય છે પણ વિકલ્પને ગૌણ કરી અને આત્માને મુખ્ય રાખીને 'હું જ્ઞાયક છું અને આ વિકલ્પ છે' એમ કરીને પકડી શકે છે. ૨.

✻ પ્રશ્ન : રાગકા જ્ઞાન તો દૂસરે સમયમેં (નંબરમેં) પડતા હૈ ક્યોંકિ શુદ્ધ ઉપયોગમેં તો જ્ઞાન ત્રિકાળી જીવકી ઓર ચલા જાતા હૈ ઉપાદેયપણે સબ જ્ઞાનમેં જ્ઞેય કરકે જાનનેમેં સ્વસન્મુખતા લે લેતા હૈ તો ફિર રાગકો ભી જાનતા હૈ ઐસા આતા હૈ, લિખા હૈ શાસ્ત્રમેં, તો દૂસરે સમયકી ઉપયોગકી પરસન્મુખતાકે કાલકા વર્ણન હૈ?

● ઉત્તર :—સવિકલ્પ દશામેં જાણતા હૈ, નિર્વિકલ્પતામેં તો રાગ હૈ નહીં યે ઉપયોગાત્મક તો નહીં હૈ, ખ્યાલમેં નહીં આતા હૈ, રાગ તો અબુદ્ધિપૂર્વક હો જાતા હૈ. ૩.

✻ પ્રશ્ન : અબુદ્ધિપૂર્વક વો હો જાતા હૈ, મતલબ જ્ઞાનીકા ઉપયોગ સ્વકો જ્ઞેય કરનેમેં એકાગ્ર હો જાતા હૈ ?

● ઉત્તર : એકાગ્ર હો જાતા હૈ. ૪.

✻ પ્રશ્ન : જાનનેમેં આતા નહીં ઇસલિયે અબુદ્ધિપૂર્વક હો જાતા હૈ પણ હોતા નહીં અબુદ્ધિપૂર્વકકા તો?

● ઉત્તર : ઉપયોગ અપનેમેં ચલા જાય, તેથી રાગ ભી અબુદ્ધિપૂર્વક હો જાય, ઉપયોગ અપની તરફ ગયા તો રાગ ભી મંદ હો ગયા હૈ અપની તરફ. બહાર ઉપયોગ આવે તો રાગ ભી....(તીવ્ર હોતા હૈ) ૫.

✻ પ્રશ્ન : તીવ્રતા લે લેતા હોગા?

● ઉત્તર : હા. ૬.

✻ પ્રશ્ન : યે સબ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનકી અંદર પુરુષાર્થ હૈ કૈસે ? રુચિમેં સ્વભાવકા જોર (હોના ચાહિયે) ઐસે બોલનેમેં બહુત બાર આતા હૈ લેકિન ઉપયોગ હટે તો ના?

ઉત્તર :—બોલના, વિચારમેં આના ઔર કરના. (અલગ બાત હો ગઈ) વહ જાનના દૂસરી બાત હોતી હૈ ઔર કરના દૂસરી બાત હોતી હૈ. ૭.

✻ પ્રશ્ન : ઉપયોગ બિના આલંબનકા રહેગા નહીં, તો સ્વમેં જાયેગા યા તો પરમેં જાયેગા.

● ઉત્તર : બહાર ઉપયોગ આયેગા તો દૃષ્ટિ તો આત્મા ઉપર રહેતી હૈ. દૃષ્ટિ ઔર જ્ઞાનમાં અંશે વેદન જ્ઞાયકકા રહતા હૈ. અનુભૂતિકા વેદન નહીં રહતા હૈ; જ્ઞાયકમેં શાંતિકા વેદન રહતા હૈ. અંશે દુઃખકા વેદન અનંતાનુબંધી અનંત નહીં હોતા હૈ. અલ્પ હો જાતા હૈ. દુઃખકા વેદન જૈસે મિથ્યાદૃષ્ટિકો હોતા હૈ વૈસા દુઃખકા વેદન સમ્યગ્દૃષ્ટિકો નહીં હોતા. ઉસકો (મિથ્યાદૃષ્ટિકો) એકત્વ હોતા હૈ. ઉસકો (સમ્યક્‌દૃષ્ટિકો) ભેદજ્ઞાન રહેતા હૈ. ઐસા દુઃખકા વેદન નહીં. દુઃખકા વેદન રહતા હૈ, વીતરાગકા વેદન રહતા હૈ તો ભી ઉસકો ભેદજ્ઞાન રહતા હૈ, શાંતિ ભી અંશે વેદતા હૈ ઔર દુઃખકો ભી વેદતા હૈ. દોનોં સાથમેં વેદતા હૈ, દો ધારા સાથમેં —જ્ઞાનધારા ઔર ઉદયધારા દોનોં સાથમેં રહતા હૈ. શાંતિધારા—જ્ઞાનધારા ઔર ઉદયધારા દોને સાથમેં રહતા હૈ. ૮.

✻ પ્રશ્ન : પર્યાયકે ઉપયોગરૂપ બહાર રહે, દૃષ્ટિ અંદર રહે..

● ઉત્તર : ઉપયોગ બહાર કામ કર સકતા હૈ. દૃષ્ટિ પરિણતિરૂપ રહતી હૈ. જ્ઞાયક-જ્ઞાયકકો દૃઢ કરકે રહતી હૈ દૃષ્ટિ; ઉપયોગ અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તમેં ફિરતા હૈ. ભેદજ્ઞાનકી ધારા ચલતી હૈ. સ્વાનુભૂતિમેં ઉપયોગ હોવે તબ સ્વાનુભૂતિરૂપ ઉપયોગ હોતા હૈ. ઉપયોગ બહાર ભી આતા હૈ ઔર પરિણતિ—ભેદજ્ઞાનકી ધારા રહતી હૈ. ઉસમેં ઉસકો ઉપયોગ દેના નહીં પડતા. સહજ રહતા હૈ,

સહજ પરિણતિ રહતી હૈ, વિભાવ પરિણતિ જીવકી અનાદિકાળસે સહજ રહેતી હૈ. વિભાવ પરિણતિ. એકત્વકી પરિણતિ રહતી હૈ જિસમેં ઉપયોગ દેના નહીં પડતા. એકત્વ પરિણતિ દિવસ ને રાત ચલતી હૈ ઐસે ભેદજ્ઞાન કી પરિણતિ દિવસ ને રાત ચલતી હૈ ઔર ઉપયોગ બહાર જાતા હૈ, આતા હૈ. એકત્વ પરિણતિ છૂટ ગઈ ઔર જ્ઞાયક પરિણતિ પ્રગટ હો ગઈ, તો દિન રાત ચલતા હૈ. સહજ પુરુષાર્થ તો ઐસે ચલતા હૈ. જૈસે વિભાવકી એકત્વ પરિણતિ ચલતી હૈ, ઉસમેં ઉપયોગ દેના નહીં પડતા હૈ, વો તો ચલતા હી રહતા હૈ. ઐસે જ્ઞાયકકી પરિણતિ–શાંતિકી પરિણતિ સહજ ચલતી હૈ દૃષ્ટિકી; જ્ઞાન, અંતર લીનતા વો સહજ ચલતી હૈ. પીછે સહજ દશા હો જાતી હૈ. વૈસા સ્વાનુભૂતિકા ઉપયોગ ભીતર ચલા જાતા હૈ, પીછે બહાર ઉપયોગ આતા હૈ તો પરિણતિ–જ્ઞાતાકી ધારા ચલતી રહતી હૈ– ભેદજ્ઞાનકી ધારા. ૯.

✻ પ્રશ્ન : ભેદજ્ઞાન બુદ્ધિપૂર્વક રહતા હૈ? ખ્યાલમેં આવે ઐસા રહતા હૈ?

● ઉત્તર : હાં, ખ્યાલમેં આવે ઐસા રહતા હૈ. બુદ્ધિપૂર્વક રહતા હૈ. ખ્યાલમેં આતા હૈ. ૧૦.

✻ પ્રશ્ન : ઉપયોગ ઔર પ્રતિભાસનું અંતર શું ?

● ઉત્તર : ઉપયોગ ઔર પ્રતિભાસ દોનોં એક હી હૈ. ઉપયોગમેં જો જાના વો પ્રતિભાસે, ઉપયોગમેં જો જ્ઞેય જાનનેમેં આતા હૈ વહ પ્રતિભાસ હૈ. બહારસે કોઈ પ્રતિભાસ ભીતરમેં આવે ઐસા નહીં હૈ. ઉપયોગકી પરિણતિ પ્રતિભાસ હૈ. જ્ઞાનકી પરિણતિ જ્ઞાનમેં જો જાનનેમેં આતી હૈ ઉસકા નામ પ્રતિભાસ હૈ. ૧૧.

✻ પ્રશ્ન : જૈસે કહતે હૈ ના, સડક પર ચલતે હૈ તો પેડ પોધે આદિ પ્રતિભાસિત હો જાતે હૈ ઉનકો ઉપયોગરૂપ હોકર નહીં જાનતે હૈ. ઇસકા ક્યા અર્થ? જિસે ઉપયોગ ઔર પ્રતિભાસકા અંતર બતાતે હૈ?

● ઉત્તર : પ્રતિભાસિત હોકર જ્ઞાયક હોતા હૈ, જાનનેવાલા

રહતા હૈ, ઉપયોગ ઔર પ્રતિભાસમેં એમ સડક પર માણસ દેખા તો પ્રતિભાસ હુઆ ઉસકા જ્ઞાયક રહતા હૈ. ભેદજ્ઞાનકી પરિણતિમેં ઈસકા જ્ઞાયક રહતા હૈ. પ્રતિભાસ એટલે યે જાનનેમેં આતા હૈ. પ્રતિભાસ કોઈ બહારસે કોઈ ભીતરમેં નહીં આતા, જ્ઞાન હોતા હૈ. જ્ઞાન હોતા હૈ. પ્રતિભાસ એટલે જ્ઞાન. ૧૨.

✻ પ્રશ્ન : પ્રતિબિંબ નહીં પડતા પ્રતિભાસમેં? સિર્ફ પ્રતિબિંબ દર્પણમેં પડે ઐસા નહીં પડતા?

● ઉત્તર : પ્રતિબિંબ નહીં. યે જ્ઞાનકી પરિણતિ હોતી હૈ ઈસે પ્રતિભાસ કહતે હૈ. ૧૩.

✻ પ્રશ્ન : ઉપયોગ ભી જ્ઞાન કી પરિણતિ?

● ઉત્તર : હા, જ્ઞાનકી પરિણતિ. ૧૪.

✻ પ્રશ્ન : તો દોનોંમેં અંતર ક્યા હૈ ?

● ઉત્તર : ઉપયોગ ઔર જ્ઞાનકી પરિણતિ દોનોં એક હૈ. ૧૫.

✻ પ્રશ્ન : એક હી હૈ દોનોં?

● ઉત્તર : એક હી. યહ જો પરિણતિ હૈ સહજ રહતી હૈ વો પરિણતિ નહીં. ઉપયોગકી પરિણતિ. ઉપયોગકી પરિણતિ દૂસરી ઔર સહજ પરિણતિ—વેદનકી પરિણતિ વો દૂસરી. વો તો પ્રતીતરૂપ રહતી હૈ. વો સમાધિરૂપ પરિણતિ જ્ઞાયકકી, ઔર ક્ષણ ક્ષણ ઉપયોગ એક જ્ઞેયમેંસે દૂસરે જ્ઞેયમેં જાતા હૈ. છદ્મસ્થકા ઉપયોગ એક જ્ઞેયસે દૂસરે જ્ઞેયમેં જાતા હૈ. વહ જ્ઞાનકી પરિણતિ હૈ. પ્રતિભાસ બહારસે ઔર અંતરમેં એક નહીં હોતે. ૧૬.

✻ પ્રશ્ન : ગુરુદેવશ્રીને ફરમાયા થા કિ ભગવાન આત્મા અનાદિ જાનનેમેં આ રહા હૈ માનો પ્રતિભાસિત હો રહા હૈ જ્ઞાનમેં?

● ઉત્તર : પ્રતિભાસીત એટલે જાનનેમેં આ રહા હૈ. ૧૭.

✻ પ્રશ્ન : જાનનેમેં આ રહા હૈ? જાનનેમેં કૈસા આ રહા હૈ અનાદિસે?

● ઉત્તર : ઐસા જૈસા સમ્યગ્દષ્ટિ કો જાનનમેં આતા હૈ વૈસા જાનનેમેં નહીં આતા. ૧૮.

✻ પ્રશ્ન : વૈસા જાનનેમેં નહીં આ રહા હૈ?

● ઉત્તર : વૈસા જાનનેમેં નહીં આ રહા હૈ. ‘જાનનમેં’ એટલે ઉસકા જ્ઞાનલક્ષણસે વો જાનનેમેં આતા હૈ ભગવાન આત્મા. નહીં જાણનેમેં આતા ઐસા નહીં. યે જડ હૈ વો જાનતે નહીં હૈ. જાનનેવાલા જ્ઞાયક સ્વભાવ હૈ ઈસલિયે જાનનેમેં આતા હૈ. ૧૯.

✻ પ્રશ્ન : અનાદિસે?

● ઉત્તર : અનાદિસે જાનનેમેં આતા હૈ, યથાર્થ જાનનેમેં નહીં આતા હૈ. ૨૦.

✻ પ્રશ્ન : સમ્યગ્દષ્ટિ જીવને જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા હાથમાં આવી ગયા બાદ ઉપયોગ બહારમાં જાય તો સમ્યક્ત્વને હાનિ થાય છે? ઉપયોગ બહારમાં હોય ત્યારે પણ નિરંતર શાંતિ વેદાતી હોય છે? નિર્વિકલ્પ અવસ્થા નથી એનો કાંઈ ખેદ હોય છે?

● ઉત્તર : સમ્યગ્દષ્ટિને જે જ્ઞાયક દશા પ્રગટ થઈ છે તે જ્ઞાયક એને ગ્રહણ થયો છે. નિરંતર જ્ઞાયકની દશા વર્તતી હોય છે. એ જ્ઞાયકની દશા જિનેન્દ્રદેવના ઉપદેશથી અને ગુરુના ઉપદેશના નિમિત્તથી પોતાના પુરુષાર્થથી જે પ્રગટ થાય છે તે જ્ઞાયકની દશા એની નિરંતર વર્તતી હોય છે. એ જ્ઞાયક જેને ગ્રહણ થયો તે ગ્રહણ થયો જ છે. નિરંતર એની જ્ઞાયકની દશા છે, ઉપયોગ બહાર જાય તોય એનો જ્ઞાયક છૂટતો નથી. ઉપયોગ અંદર જાય તો પણ એને જ્ઞાયક તો છૂટતો જ નથી. અંદર જાય તો જ્ઞાયકનું તો પરિણમન જ છે. બહાર આવે—ઉપયોગ બહાર આવે તોય જ્ઞાયક તો ગ્રહણ ને ગ્રહણ કરેલો જ રહે છે. જેમ નિરંતર એની દૃષ્ટિને કાંઈ વાંધો ન આવે, એમ એની જ્ઞાયકતાને વાંધો નથી આવતો, એની સ્થિરતાને વાંધો આવે. એની સ્થિર પરિણતિ હજી એની સ્થિરતા પૂરી નથી એટલી અસ્થિરતાનો દોષ છે પણ એને જ્ઞાયકની જે દૃષ્ટિ પ્રગટી છે, તેને દૃષ્ટિમાં એને જરાય દોષ લાગતો નથી અને શાંતિ વેદાય છે. જેવી એકત્વબુદ્ધિની આકુળતા હતી તેવી આકુળતા નથી, એની

અસ્થિરતાની આકુળતા તે જુદી વાત છે. પણ અંતરમાં એને શાંતિ વેદાય છે, સમાધિ વેદાય છે એને સુખ વેદાય છે. જે નિર્વિકલ્પ દશાનો જે આનંદ હોય તે આનંદ તો જુદો જ છે. તે તો અનુપમ ને કોઈ અપૂર્વ ને કોઈ જુદી જાતનો જ છે. એને જગતની કોઈ ઉપમા લાગુ પડતી નથી. એ આનંદની દશા ને ચૈતન્યની દશા જુદી હોય છે. તો પણ એને સવિકલ્પ દશામાં જે શાંતિ વેદાય છે તે જ્ઞાયકની અંશે શાંતિ સમાધિ વેદાયા જ કરે છે. એને બહારમાં ઉપયોગ બહાર જાય તોય એને એકત્વબુદ્ધિ થતી નથી. તે જ્ઞાયકતા–બધી વાર એને જ્ઞાયકતા ઉભી હોય છે. જે જ્ઞાયક ગ્રહણ થયો તે તેને છૂટતો નથી. જેમ ઘરમાં ઉભેલો માણસ પોતે ઘરને છોડ્યા વગર બહાર વાત કરે, ઘરમાં ઉભેલો બહાર વાતચીત કરે, પણ પોતાનું ઘર છૂટતું નથી. ઘર છોડીને બહાર જાતો નથી. જે ચૈતન્યનો દોર હાથમાં આવ્યો તે ચૈતન્યનો દોર છૂટતો જ નથી. એની બહાર વધારે પરિણતિ બહાર જાતી નથી. એને મર્યાદા રહે છે. મર્યાદાથી બહાર ઉપયોગ–મર્યાદા ઉપરાંત બહાર જાતો જ નથી. એની ભેદજ્ઞાનની ધારા નિરંતર વર્તે છે. 'હું આ ચૈતન્ય ને આ વિભાવ છે'. વિભાવમાં એકમેક થઈને બહાર જાતો જ નથી. ચૈતન્યનું ઘર તે ઘર પોતે છોડતો જ નથી. જ્યારે ઉપયોગ અંતરમાં જાય તો આત્મા જ છે. એનો માર્ગ સરળ થઈ ગયો છે. જ્યારે એને પોતા તરફ પરિણતિ આવે તો નિર્વિકલ્પ દશા પણ અને પોતાના હાથમાં છે પણ અસ્થિરતાને લઈને એની ભૂમિકા પ્રમાણે એની નિર્વિકલ્પ દશા થાય છે. એને ઘર તો એનું છૂટતું જ નથી. ગમે તેવા પ્રસંગમાં પણ એ 'જ્ઞાયક જ્ઞાયક જ્ઞાયક'નું ઘર એને છૂટતું નથી. ગમે તેવા વિકલ્પ આવે કે ગમે તેવા બહારના પ્રસંગો–ઉદય આવે તો પણ જ્ઞાયકનું ગ્રહણ–જ્ઞાયક તો છૂટતો જ નથી. ઘરમાં ઉભેલો માણસ બહાર વાતચીત કરે કે બહારના કોઈ પ્રસંગમાં જાય પણ ઘર છોડીને બહાર નથી જાતો. ઘરમાં ઉભેલો માણસ જે વાતચીત, લેવદેવડ કરે, એ એના ઘરમાં જ ઉભો છે

નિરંતર ઘરમાં જ ઉભો છે. જ્ઞાયકના ઘરમાં. માત્ર પોતે ઘરમાં લીનતાની-સ્થિરતાની ખામી છે એટલે કોઈ જાતનો દૃષ્ટિ દોષ નથી લાગતો. એને જ્ઞાયકતામાં દોષ નથી લાગતો, પણ અસ્થિરતાનો દોષ એને છે. હજી અધૂરાશ છે. એટલે અધૂરાશને લઈને એ સમજે છે કે નિર્વિકલ્પ દશા મારી ભૂમિકા પ્રમાણે થાય છે. આ બહારની જે વિકલ્પની દશા, જે અસ્થિરતા છે, તે અસ્થિરતા તરફની જો લીનતા ઓછી થાય તો નિર્વિકલ્પ દશા પ્રગટે એમ છે. એટલે પોતાનો પુરુષાર્થ જે રીતે ઉપડે છે તે રીતે સ્વરૂપમાં જામી જાય છે પણ એવો એને એકત્વબુદ્ધિનો ખેદ નથી. એ ન્યારો જ છે. ખેદ-એને ભાવના થાય. ક્યાં કેવળજ્ઞાનીની દશા? ક્યાં મુનિની દશા? ક્યાં આ અધૂરી દશા? આ બહાર જોડાઈ જવાય છે. ક્યાં ચૈતન્યની અપૂર્વ જે આનંદ દશા આવે ને છૂટીને બહાર જવાય છે? એવી જાતની ભાવના એને થાય છે. એની પુરુષાર્થની ભાવના થાય. પણ તે ખેદ હઠ કરીને આવે, એવી રીતે હઠ કરતો નથી. પોતાની સહજ પરિણતિ છે, પુરુષાર્થ કરે છે. પ્રમાદ કરતો નથી. પુરુષાર્થની દોરી હાથમાં જ છે. ઉપયોગને બહાર વધારે જવા દેતો નથી. સ્વરૂપ તરફ દોરીને ખેંચ્યા જ કરે છે. બહાર વધારે જાય તો પણ એ જ્ઞાયકને જે ગ્રહણ કરે છે તેના તરફ જ પોતાની દોરી ખેંચ્યા જ કરે છે. ગમે તેવા બહારના પ્રસંગ આવે એને બહારના ઉદય-દ્રવ્યકર્મ, નોકર્મના ઉદય કે ભાવકર્મ પણ તે મર્યાદા બહાર જાતો નથી. એને ભય નથી કોઈ જાતનો, કોઈ વેદનાનો ભય, કોઈ અકસ્માત ભય એવા જાતના એને ભય લાગતા નથી. 'મારી જ્ઞાયકની પરિણતિ હાજર છે મને કોઈ નુકશાન કરી શકે એમ નથી'. અંદર ભાવકર્મમાં પણ અંદર જે ભૂમિકા છે એ જાતના વિકલ્પ આવે છે. એ એને મર્યાદા છોડીને કોઈ જાતના વિકલ્પ નથી, મર્યાદાથી બહાર તે જાતો નથી. એમાં એ જ્ઞાયક. એ એને એ જાતનો ભય નથી કે જ્ઞાયક છૂટી જશે. કારણ એને પુરુષાર્થની દોરી એના હાથમાં છે. જ્ઞાયકનું ઘર જે ગ્રહણ કર્યું

તે કર્યું, તે જ્ઞાયકરૂપ જ એની પરિણતિ થઈ ગઈ છે તેની દશા. તેને શરીર સાથે કે વિકલ્પ સાથે ક્યાંય એકત્વ થાતું નથી. જ્ઞાયક, જ્ઞાયક અને જ્ઞાયક-જ્ઞાયકમય જ એની પરિણતિ રહે છે. કોઈ જાતનો ખેદ એ એકત્વબુદ્ધિનો ખેદ નથી, બાકી ભાવના વીતરાગ થવાની, મુનિ થવાની, એવી ભાવના રહે છે. પણ એની દૃષ્ટિને દોષ લાગતો નથી, જ્ઞાયકતામાં દોષ નથી લાગતો. ૨૧.

* પ્રશ્ન : લડાઈ વખતે પણ આવી સ્થિતિ હોય?

● ઉત્તર : હા લડાઈ વખતે પણ જ્ઞાયકતા એની હાજર જ છે. એ બહારના પ્રસંગમાં ઉભો છે કે એ રાજનો રાગ છૂટતો નથી. એટલે આ લડાઈમાં જોડાવું પડે છે. તો પણ એ ન્યાયની રીતે એના લડાઈના પ્રસંગોમાં જોડાય છે. પણ એમ રહે છે કે આ રાજનો રાગ છૂટતો નથી એટલે આમાં ઉભો છું. પણ જ્ઞાયકતા છૂટતી નથી. એને મર્યાદા બહાર વિકલ્પ—એના રાગ-દ્વેષના વિકલ્પ એની મર્યાદા બહાર જાતા નથી. એની પરિણતિ પોતે જાણે છે. અને જે એને સમજે તે જાણી શકે છે. બાકી બહારથી જે ગૃહસ્થાશ્રમમાં રહેલા હોય તેની પરિણતિ ઓળખવી મુશ્કેલ પડે કારણ કે ચક્રવર્તીના રાજ હોય, લડાઈના પ્રસંગો હોય તેમાંથી એની પરિણતિ ઓળખવી મુશ્કેલ પડે છે પણ એની પરિણતિ અંતરમાંથી ન્યારી જ રહે છે. ૨૨.

● બહેનશ્રી : સમ્યક્દર્શન થાય તો પણ હજી લીનતા કરવાની બાકી રહે છે. ચારિત્ર દશા બાકી રહે છે. ચારિત્ર દશામાં તો ક્ષણે ક્ષણે મુનિરાજો અંતર સ્વાનુભૂતિમાં વારંવાર લીન થાય છે અને લીનતા વધતા વધતા કેવલજ્ઞાન પ્રગટ થાય છે તે આત્માનો અનુભવ—એવી કોઈ આત્માની વિભૂતિ કોઈ અદ્‌ભૂત છે. આત્મા એક સમયમાં પોતે પોતાના ક્ષેત્રમાં રહી આખા લોકાલોકને જાણે. તે તરફ ઉપયોગ મૂક્યા વગર સહજ જણાઈ જાય છે. એવો આત્માનો વૈભવ. અનંતજ્ઞાન સાગર , અનંત આનંદ સાગરથી ભરેલો, એવી અનંત શક્તિઓથી ભરેલો આત્મા એ આત્માને ગ્રહણ કરવો, તે

શુદ્ધાત્માને ગ્રહણ કરવો એ જીવોનું કર્તવ્ય છે. ૨૩.

✻ પ્રશ્ન : માતાજી! શુભ પરિણામોમેં પુણ્યકા બંધ તો હોતા હી હૈ? તો ધર્મકા ભી બંધ હોતા હૈ?

● ઉત્તર : શુભકા બંધ હોતા હૈ તો ક્યા ધર્મ કા બંધ હોતા હૈ? શુદ્ધ સ્વરૂપમેં લીન હો જાય તો અબુદ્ધિપૂર્વક રાગ હોતા હૈ, બુદ્ધિપૂર્વક નહીં હોતા, પણ અંતરમેં અબુદ્ધિપૂર્વક હો તબ તક બંધ હોતા હી હૈ ઔર શુભઉપયોગમેં બંધ તો હોતા હૈ પણ હેયબુદ્ધિ હૈ, ભેદજ્ઞાન હૈ, કિ 'મૈં ભિન્ન હૂં', જ્ઞાયકકી પરિણતિ હૈ પણ ઉપયોગ શુભ હૈ તો બંધ હોતા હૈ, જિતની ભેદજ્ઞાનકી ધારા હૈ, જ્ઞાયકકી પરિણતિ હૈ, ઉતના બંધ તો છૂટ ગયા હૈ. દર્શનમોહકા બંધ છૂટ ગયા પણ ચારિત્રમોહકા બંધ ચાલુ હૈ. દર્શનમોહકી કોઈ અલ્પ પ્રકૃતિ હો તો અલ્પ બંધ હોતા હૈ, પણ દર્શનમોહ છૂટ ગયા હૈ તો ચારિત્રમોહકા બંધ હોતા હૈ શુદ્ધ ઉપયોગમેં. શુદ્ધ ઉપયોગને પલટાવો એમાં જ્ઞાન, દર્શન તો સાથે હોય જ છે. ઉપયોગ બહાર જાય તેમાં જે શુભ પરિણામ કે અશુભ પરિણામ—જે શુભાશુભ પરિણામ આતે હૈ ઉસકે સાથ જ્ઞાન તો સાથમેં રહતા હૈ એટલે જ્ઞાનનો ઉપયોગ પણ શુભ ઉપયોગ મિશ્રિત હૈ. જ્ઞાન બહાર જાય તો જ્ઞાન કાંઈ શુદ્ધત્મામાં લીન થઈ જાય એવું તો જ્ઞાન છે નહીં એ જ્ઞાન શુભાશુભની સાથે રહેલુ છે. માટે શુભઅશુભ ઉપયોગને પલટાવીને તારો ઉપયોગ સ્વરૂપમાં—આત્મામાં આનંદ છે એમાં તારા ઉપયોગ લાવ. જ્ઞાન ઉપયોગ ખરી રીતે જ્ઞાનનો ઉપયોગ પણ શુભાશુભ ભાવ સાથે જોડાયેલો છે. બહાર રાગ છે. બહાર એકત્વબુદ્ધિ છે. તેની સાથે જ્ઞાન જોડાયેલુ છે. તેમાં બહારનો રસ તોડી નાખ ને અંતર આનંદ છે એની તરફ જા એટલે 'તારો જ્ઞાનનો ઉપયોગ બહાર છે એને અંદર લાવ. શુભાશુભ ભાવને છૂટા પાડ અને તારા આત્મામાં અંદર લાવ'—એમ કહે છે. ૨૪.

✻ પ્રશ્ન : રાગ છૂટી જાય તો ઉપયોગ અંદરમાં જાય?

● ઉત્તર : હા, ઉપયોગ અંદરમાં જાય, અંદરમાં જાય છે તે જ્ઞાનનો ઉપયોગ જાય છે પણ બહાર છે તે ઉપયોગ શુભાશુભ મિશ્રિત છે. ૨૫.

✻ પ્રશ્ન : અંદરમાં જ જાય?

● ઉત્તર : ક્યાંય સાચેસાચ ગમે જ નહીં. સાચું બરાબર યથાર્થપણે ગમતું જ ન હોય તો ઉપયોગને ક્યાંય રહેવાનું સ્થાન રહેતું નથી. ઉપયોગ ક્યાં ટકે? જ્યાં રાગ હોય તો ટકે. રાગ છૂટી ગયો. ખરેખર એને રાગ થતો જ નથી, બહાર ક્યાંય રુચતું જ નથી, સાચોસાચ નથી રુચતું એટલે પછી જ્ઞાનનો ઉપયોગ ક્યાં ટકશે? ઓલું તો શુભભાવ ને અશુભભાવમાં ટકતો હતો. બહારના જ્ઞેયો સાથે રાગ ને દ્વેષ આદિ થાતું હતું. હવે ક્યાંય રુચતું નથી. તો જ્ઞાનનો ઉપયોગ ક્યાં જાશે? તો સ્વરૂપ તરફ જશે. ખરેખર જો એને રસ તૂટી ગયો હોય. ક્યાંય ઉભું રહેવું રુચતું ન હોય તો ક્યાં જાવું? હવે કોના આશ્રયમાં જાવું? આ આશ્રય તો ઠીક લાગતો નથી. શુભાશુભ-ભાવનો આશ્રય બરાબર નથી, ત્યાં ઉભું રહેવું રુચતું નથી. ક્યાં જાવું? તો પોતે પોતાનો ચૈતન્યનો આશ્રય ગોતી લેશે, અને અંદરમાં ગયા વગર રહેશે જ નહીં. અંતરનો આશ્રય શોધી લેવાનો છે. બહારમાં ટકી નહીં શકે તો સ્વભાવના આશ્રયને શોધી લેશે. ૨૬.

✻ પ્રશ્ન : સમયસારમાં દાખલો આવે છે મધદરિયે વહાણમાં પક્ષી લખ્યું છે.

● ઉત્તર : મધદરિયે બેઠેલું પક્ષી. ૨૭.

✻ પ્રશ્ન : પક્ષી ઉડી ઉડીને ક્યા જશે ત્યાં ને ત્યાં પાછું આવશે.

● ઉત્તર : ત્યાં ને ત્યાં આવીને આશ્રય એનો વહાણ લેશે, તે આવે છે દૃષ્ટાંત...... ૨૮.

✻ પ્રશ્ન : જ્ઞાની થયા પછી જ્ઞાની ચોવીસે કલાક શું કર્યા કરે છે?

● ઉત્તર : ચોવીસે કલાક એને જ્ઞાયકનો આશ્રય છે. જ્ઞાયકની પરિણતિ છે. જ્ઞાયકની પરિણતિમાં રહે છે અને ઉપયોગ ભલે બહાર જતો હોય. જે પ્રમાણે એની દશા હોય તે પ્રમાણે ઉપયોગ શુભમાં, બહારમાં ત્યાં એની ભૂમિકા પ્રમાણે જાય છે. ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દષ્ટિ હોય તેને ગૃહસ્થાશ્રમના કાર્ય અને શુભભાવ–એમાં જાતો હોય ઉપયોગ. પણ એની પરિણતિ–ચૈતન્યના આશ્રયમાં જ છે નિરંતર. તેણે ચૈતન્યનો જ આશ્રય લીધો છે. બીજો બહારનો આશ્રય એનો છૂટી ગયો છે. ભલે બીજુ બધુ આવતું હોય. પણ આશ્રય–ચૈતન્ય ઘર મળી ગયું છે. પોતાના ઘરમાં ઉભેલો પોતાનું ઘર છોડતો નથી. પોતાના ઘરમાં જ ઉભો રહે છે ચોવીસે કલાક. એ ઘરની બહાર એના કાંઠા ઉપર બધા માણસો આવે એની સાથે બધો વ્યવહાર કરે, એની સાથે બોલે ચાલે, પણ પોતાનું ઘર છોડીને જાતો નથી. ચૈતન્યનો આશ્રય ચોવીસે કલાક છૂટતો નથી. ઉપયોગ બહાર જાય અને બધા વ્યવહાર દેખાય એના. શુભાશુભભાવ-ગૃહસ્થાશ્રમમાં બધો વ્યવહાર દેખાય પણ એનો આશ્રય ચૈતન્ય જ. દેવ-ગુરુ-શાસ્ત્ર બધામાં દેખાય. ૨૯.

✻ પ્રશ્ન : શુદ્ધિ વધતી જાય?

● ઉત્તર : અંદરની શુદ્ધિ વધતી જાય છે. એની ભૂમિકા પ્રમાણે અમુક શુદ્ધિ એની વધતી જાય. સમ્યગ્દર્શન છે. અમુક જાતનું સ્વરૂપ આચરણ ચારિત્ર છે. વધારે શુદ્ધિ એની ભૂમિકા પલટાઈ જાય તો ચારિત્રની શુદ્ધિ થાય છે. પણ ભૂમિકા અમુક છે, પણ એની શુદ્ધિ વધે છે, નિર્મળતા વધતી જાય છે. પોતે પોતાના આશ્રયમાં લીન જ છે, અનંતાનુબંધી કષાય તૂટી ગયો છે અને શુદ્ધિ એની વધતી જાય છે એનો આશ્રય ઈ છે, ઉપયોગ બહાર જાય તો દોરી પોતે સ્વરૂપમાં ખેંચતો જ રહે છે, એને આશ્રય ચૈતન્યનો ચોવીસ કલાક છે, પણ

ઉપયોગ બહાર પોતાના ચૈતન્યને છોડીને વિશેષ બહાર ન જાય, દોરી એના હાથમાં છે. ક્ષણે ક્ષણે દોરીને પોતા તરફ ખેંચ્યા કરે છે અને ઉપયોગની દોરીને વધારે બહાર-સ્વરૂપની મર્યાદા છોડીને વધારે બહાર જાવા દેતો નથી. દોરી એના હાથમાં છે. વારંવાર ઉપયોગ બહાર જાય પણ પોતા તરફ ખેંચ્યા જ કરે છે. વધારે સ્વરૂપનું ઘર છોડીને બહાર જાવા દેતો નથી ને ઉપયોગને વાંરવાર પોતા તરફ ખેંચે છે, પતંગની દોરી જેમ હાથમાં વારંવાર પોતા તરફ ખેંચે છે, એ એનું કાર્ય છે. વારંવાર ઉપયોગની દોરીને ક્ષણે ક્ષણે પોતા તરફ ખેંચે છે. સ્વરૂપનો આશ્રય છે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ ને જ્ઞાન છે. પણ ચારિત્રમાં લીનતામાં વારંવાર ઉપયોગને દોરી પોતા તરફ ખેંચ્યા કરે છે. ક્ષણે ને ક્ષણે ખેંચતો રહે છે. સ્વરૂપને છોડીને ઉપયોગને વિશેષ બહાર જવા દેતો જ નથી, એની પરિણતિનું અંતર કાર્ય ચાલ્યા જ કરે છે ક્ષણે ક્ષણે. એમાં એનું કાર્ય છૂટતું જ નથી. સ્વાનુભૂતિની દશા એ જુદી છે. તે નિર્વિકલ્પ દશા થાય. પણ બહાર ઉભો ઉભો પોતાની દોરી ને સ્વરૂપ તરફ ખેંચતો જ હોય છે. ઉપયોગની દોરી. ઉપયોગ વધારે બહાર જવા દેતો નથી. તે બહાર દેખાય બધા કાર્યોમાં, એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં, એના પૂજામાં, શાસ્ત્ર શ્રવણમાં, શાસ્ત્ર સ્વાધ્યાયમાં—બધામાં દેખાતો હોય, ચોથે ગુણસ્થાને ગૃહસ્થાશ્રમના કોઈ કાર્યોમાં પણ બધે દેખાતો હોય છે, પણ દોરી પોતાના હાથમાં જ છે. દોરીને વધારે બહાર કોઈ શુભકાર્યોમાં કે અશુભમાં ક્યાંય પણ વધારે (બહાર) જવા દેતો નથી. દોરી પોતાના હાથમાં જ છે. ૩૦

✻ પ્રશ્ન : બહાર કાળા નાગ જેવું લાગે છે?

● ઉત્તર : બહાર કાળા નાગ જેવું—પોતાના સ્વરૂપને છોડીને બહાર જવું, ખરેખર આ વિભાવ એ આ મારો દેશ નથી. અમે આ ક્યાંથી અહીં આવી પડ્યા? અમારો ચૈતન્ય દેશ તો જુદો જ છે. આ તો કાળા નાગ જેવો સર્પ જેવા છે, ઉપયોગની દોરી પોતાના હાથમાં રાખે છે. ૩૧.

✻ પ્રશ્ન : માતાજી! મુમુક્ષુ કે પાસ કોઈ દોરી હૈ ઐસી?

● ઉત્તર : મુમુક્ષુના હાથમાં ક્ષણે ક્ષણે દોરી—એને તો પ્રત્યક્ષરૂપે દોરી તો એના પુરુષાર્થની છે. મુમુક્ષુના હાથમાં રુચિની દોરી છે તે હાથમાં રાખવી, એની રુચિ મંદ થઈ જાય એની, એવા બીજા કાર્યોમાં પોતે મુમુક્ષુની ભૂમિકાથી વધારે કોઈ કાર્યમાં મુમુક્ષુને શોભે નહીં એવા કાર્યમાં જાવું નહીં. એવી રુચિની દોરી આત્મા તરફનું, આત્માર્થનું પ્રયોજન, આત્માનું મારે મુખ્ય પ્રયોજન છે, દરેક કાર્યમાં મને આત્મા કેમ મળે તે પ્રયોજન સાધે, બીજું પ્રયોજન ન આવી જાય. કોઈ લૌકિકનું કે કોઈ બીજું કે કોઈ માનનું કે એવા કોઈ પ્રયોજન ન આવે. મારે દરેક કાર્યમાં આત્માનું પ્રયોજન છે. એવી આત્માની રુચિ—આત્માની રુચિ એના હાથમાં છે. ઓલી દોરી તો જુદી વાત છે. દોરી ખેંચતો હોય છે આ પણ એક આત્માની રુચિ અને આત્માના પ્રયોજન સિવાય બીજા કોઈ પ્રયોજનના કાર્યો એમાં લૌકિક કાર્યોનું પ્રયોજન મારે નથી. એક આત્માનું પ્રયોજન છે. મારાથી આ રહી શકાતું નથી, હું પુરુષાર્થ કરી શકતો નથી પણ મારે પ્રયોજન એક આત્માનું જ છે. (એમ રાખવું.) ૩૨.

✻ પ્રશ્ન : આત્માનો વિચાર કરતા સ્મૃતિઓ મસ્તક પર આવીને અટકી જાય છે પણ આત્માને પકડીને અનુભવ કરી લેતો નથી ?

● ઉત્તર : 'વિચાર કરતા કરતા ઉપયોગ મસ્તક પર' એટલે પોતાને એમ લાગે, ઉપયોગ આમ અંતરમાં પોતાને ગ્રહણ ન કરે એટલે એમ કે ઉપયોગ અટકી જાય છે. વિચાર પોતે કરે, પોતે ઉંડો ઉતરે, પોતામાં પોતાનો જે સ્વભાવ છે તે સ્વભાવને ઉંડો ઉતરીને તીક્ષ્ણ દૃષ્ટિથી ગ્રહણ કરે તો થઈ શકે એમ છે, ઉંડો પોતે નથી ઉતરતો એટલે અટકી ગયો છે. ગમે તે વિચારમાં, ગમે ત્યાં અટકી જાય. સ્વભાવને ગ્રહણ નથી કરતો તે પોતાનું કારણ છે. પોતે તીક્ષ્ણ દૃષ્ટિ કરીને, ઉંડો ઉતરીને આ આવો સ્વભાવ છે, આ વિભાવ છે.

આ જે ચૈતન્ય જ્ઞાયક તત્ત્વ છે તે હું છું, આ વિભાવ છે એમ ભેદજ્ઞાન કરનારો પોતે જ છે, પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ કરે અને પોતાની પ્રજ્ઞા વડે પોતાને છૂટો પાડવાનો પ્રયત્ન પોતાનો કરે છે. એને લક્ષણ ઓળખી લે કે 'આ જ્ઞાન છે ને આ વિભાવ છે' એમ પોતે પોતાને ગ્રહણ કરી ને અને એમાં જો લીન થાય તો પોતાને સ્વાનુભૂતિ થાય તો વિકલ્પ તૂટે પણ ગ્રહણ કરનારો પોતે જ છે. બીજો કોઈ નથી. પ્રમાદને કારણે એનો ઉપયોગ અટકે છે. રુચિ નહીં વધવાનું કારણ પણ પ્રમાદ છે. અને ઉપયોગ અટકી જવાનું કારણ તે પણ પોતાનો પ્રમાદ છે. પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ કરીને ગમે તેમ કરીને પોતાના સ્વભાવ ગ્રહણ કરીને અંતરમાં લીન થાય તો સ્વાનુભૂતિ થયા વગર રહેતી નથી. કારણ પોતાનું જ છે. જે માર્ગ નથી મળ્યો અને પોતે સમજયો નથી એમાં પોતાના પ્રમાદનું કારણ છે. આ દેશના મળી પણ પોતે ગ્રહણ નથી કરતો પોતાને, એમાંથી પોતે પોતાને ગ્રહણ કરી લેવો. પોતાને ગ્રહણ કરી લેવો એવો વાચ્ય વાચક સંબંધ છે. પોતે ગુરુ શું કહેવા માગે છે? શાસ્ત્ર શું કહેવા માગે છે? તે તત્ત્વને ગ્રહણ કરવું તે પોતાના હાથની વાત છે. બધું પોતાને, પોતે પોતાનો કર્તા છે, પોતે પોતાની ક્રિયા છે, પોતે પોતાનું કર્મ છે. સ્વભાવ ક્રિયા અનાદિકાળથી વિભાવ ક્રિયા અને વિભાવમાં જોડાય છે તે તરફથી પરિણતિની પલટાવીને પોતા તરફ જાય તે પોતાના હાથની વાત છે. ૩૩.

પરમ કૃપાળુ સદ્‌ગુરુ દેવનો જય હો
ભગવતી માતનો જય હો.